**પ્રોગ્રામ ઓફિસરશ્રી (શહેરી)ની કચેરી**
આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ,
પહેલો માળ, વોર્ડ નંબર-૬ ની કચેરીમાં,
સહજાનંદ એપાર્ટમેન્ટની બાજુમાં, અકોટા, વડોદરા.
ફોન: ૦૨૬૫-૨૩૨૮૧૭૮, ઇ-મેઇલ: icds@vmc.gov.in

# આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી (જાન્યુઆરી-૨૦૧૯)

આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ (વડોદરા મહાનગરપાલિકા) દ્વારા સંચાલિત આંગણવાડીઓ માટે આંગણવાડી કાર્યકર/ તેડાગર (હેલ્પર) ની ખાલી પડેલ/ પડનાર જગ્યાઓ માટે આંગણવાડી કેન્દ્રોના સ્થાનિક વિસ્તાર/ ફળીયાના રહેવાશી પરણીત મહિલાઓ પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે, જે માટેના આંગણવાડી કેન્દ્રોની વિગત આ મુજબ છે.

| ક્રમ | સેજો | આંગણવાડીનુ નામ | આંગણવાડીનુ સરનામુ/ વિસ્તાર | જગ્યાનુ નામ |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | સુદામાપુરી-૦૯ | શિવશક્તિ મહોલ્લો, રમણલાલની ચાલની સામે, આજવા રોડ | કાર્યકર |
| ૦૨ | ૦૪ | ગાજરાવાડી-૦૩ | મહમદતળાવ પાસે, ગાજરાવાડી | તેડાગર |
| ૦૩ | ૦૫ | દંતેશ્વર-૦૫ | કૃષ્ણનગર-૨, ડભોઇ રોડ, દંતેશ્વર | કાર્યકર |
| ૦૪ | ૦૯ | અકોટા-૦૫ | અકોટા નવાવાસ, ગાર્ડન પાસે, અકોટાગામ | તેડાગર |
| ૦૫ | ૧૪ | છાણી-૦૮ | ખોડીયારનગર, છાણી કેનાલ | તેડાગર |
| ૦૬ | ૧૪ | કારેલીબાગ-૦૮ | રાણાવાસ, કારેલીબાગ | તેડાગર |
| ૦૭ | ૧૫ | નવી ધરતી-૦૯ | કાકાસાહેબ ટેકરો, કુબેર ભવનની પાછળ | તેડાગર |
| ૦૮ | ૧૫ | ફતેપુરા-૦૪ | પટેલ ફળિયા, ફતેપુરા | તેડાગર |

## ઉમેદવારની લાયકાત:

**૦૧. લઘુતમ શૈક્ષણિક લાયકાત:**
આંગણવાડી કાર્યકર - એસ.એસ.સી. (ધોરણ-૧૦)
આંગણવાડી તેડાગર - ધોરણ-૭

**૦૨. પગાર ધોરણ:** સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ માનદ વેતન મળવા પાત્ર છે.
આંગણવાડી કાર્યકર - રૂ. ૬,૩૦૦/-
આંગણવાડી તેડાગર - રૂ. ૩,૨૦૦/-

**૦૩. વય મર્યાદા:** જાહેરાત પ્રસિધ્ધ થયાના રોજ ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. (તા:૦૧/૦૧/૧૯૮૬ થી તા:૦૧/૦૧/૨૦૦૧ ની વચ્ચે જન્મેલા ઉમેદવારો)

**૦૪. વય નિવૃતિ:** આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે નિમણુંક પામેલ ઉમેદવારને ૫૮ વર્ષની ઉમર પુરી થતા વય નિવૃત કરવામાં આવશે.

૦૫. **<u>સ્થાનિક ઉમેદવાર</u>**: જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારના ફળીયા, પરા, વોર્ડમાં આવેલ હોય અને આંગણવાડી કેન્દ્રથી ૧ કિલોમીટરથી વધુ ન હોય તેવી હદમાં વસવાટ કરતા હોય (સાસરી/પતિનુ ઘર) તેવા સ્થાનિક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે, પુરાવા તરીકે વિજ બીલ અથવા કોર્પોરેશન વેરા બીલ પૈકી એક રજુ કરવાનુ રહેશે.

૦૬. **<u>આંગણવાડી તેડાગરને આંગણવાડી કાર્યકર તરીકે નિમણુંકમાં અગ્રતા</u>**: જયારે આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકરની જગ્યા ખાલી પડે ત્યારે તેજ આંગણવાડી કેન્દ્રમાં કાર્યરત હેલ્પર બહેન ૫ વર્ષ અથવા વધુ સમયથી હેલ્પર તરીકે ફરજ બજાવતા હોય અને આંગણવાડી કાર્યકર તરીકેની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તે સંજોગોમાં તેણીને આંગણવાડી કાર્યકર તરીકે નિમણૂક આપવામાં અગ્રતા આપવામાં આવશે.

૦૭. **<u>પરણિત મહિલા</u>**: લગ્ન નોધણીના અસલ પ્રમાણપત્રના આધારે જ પસંદગી કરીને નિમણૂંક કરવામાં આવશે, કોઇ સંપ્રદાય, સમાજ, સંસ્થા દ્વારા આપેલ પ્રમાણ પત્ર કે લગ્નની આમંત્રણ પત્રિકા (કંકોત્રી), ફોટો વગેરે માન્ય રહેશે નહિ.

૦૮. **<u>કાર્ય ક્ષમતા</u>**: આંગણવાડી કાર્યકર/ તેડાગરની ફરજો માટે જરૂરી એવી શારીરીક/ માનસીક તંદુરસ્તી વાળા ઉમેદવારો જ પસંદગીને પાત્ર રહેશે અક્ષમ જણાયે અરજી/નિમણુંક રદ થવા પાત્ર રહેશે.

૦૯. **<u>આંગણવાડી માટે ભાડાનુ મકાન</u>**: જ્યા મકાનની વ્યવસ્થા ન હોય ત્યા આંગણવાડીના મકાનની વ્યવસ્થા ઉમેદવારે પોતે જ કરવાની રહેશે, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મકાન ભાડુ ચુકવવામાં આવશે.

## <u>ભરતીની સામાન્ય શરતો/ જોગવાઇઓ:</u>

1. દરેક આંગણવાડીમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની એક જ જગ્યા હોય છે, અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેમજ આંગણવાડી કાર્યકર/તેડાગરની ફરજો પોતાની શૈક્ષણિક લાયકાત અને જીવન શૈલીને અનુરૂપ છે કે કેમ તેની ખાત્રી (અભ્યાસ) કરી ૨૦ દિવસ દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી (પતિના નામથી) કરવાની રહેશે.
2. **<u>શૈક્ષણિક માહિતી:</u>** જે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ કરતા ઓછી હોય તેમને **education qualification details** માં **"Add More" Option** પર પાંચ (૦૫) વખત **Click** કરી **OTHER-1** આવે તેમાં વિગતો ભરવાની રહેશે, તેમજ જેતે લાયકાતની વિગત જેતે વિભાગમાં સંપૂર્ણ ભરવાની રહેશે, અધુરી અને અન્ય વિભાગમાં ભરેલ વિગતના માર્કસ શરત ચુકે આપી શકાશે નહિ.
3. ઉમેદવારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજી જે તે તબકકે રદ ગણવામાં આવશે.
4. ઉપરોક્ત યાદી પૈકી કોઇપણ એક જ આંગણવાડી કેન્દ્ર માટે અરજી કરવાની રહેશે, એક થી વધુ અરજીઓના કિસ્સામાં કોઇ પણ એક જ અરજી માન્ય રહેશે, અને બાકીની અરજીઓ રદ ગણવામાં આવશે.
5. ભરતી પ્રક્રિયા દરમ્યાન સીધી અથવા આડકતરી રીતે રાજકીય પક્ષ/ નેતા, સામાજીક સેવકો, અસામાજીક તત્વો અથવા અન્ય કોઇ રીતે ભલામણ/ દબાણના પ્રયાસ કરનાર ઉમેદવારને હંમેશ માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

6. ઉમેદવારે અરજી પત્રક/ ભરતી પ્રક્રિયા દરમિયાનમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ/ હકિકત છુપાવેલ હશે અને જે બાદમાં ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/ નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
7. ઉમેદવારોની મેરીટ યાદી પસંદગી સમિતી દ્વારા ઉમેદવારના અરજીમાં દર્શાવેલ શૈક્ષણીક લાયકાત આધારે પરિશિષ્ટ-૦૧ અને પરિશિષ્ટ-૦૨ માં દર્શાવ્યા મુજબ ગુણ આપી તૈયાર કરવામાં આવશે, જે અસલ પ્રમાણપત્રોની ખરાઇ થયે અંતિમ યાદી બનાવવામાં આવશે, જેમાં પ્રથમ સ્થાને આવનાર ઉમેદવારને પસંદગી યાદી અને ૦૨ થી ૦૫ ક્રમ પર આવનાર ઉમેદવારોનો પ્રતિક્ષા યાદીમાં સમાવેશ કરવામાં આવશે
8. ભરતી અંગે લેખિત પરિક્ષા/ મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકાના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે, પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/ લેખિત/ મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
9. ભરતી પ્રક્રિયા કોઇ પણ કારણસર અર્ધ/ સંપુર્ણ રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/ અધિકાર પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે, સમિતિનો નિર્ણય આખરી ગણાશે, તે અંગે વાંધો કે તકરાર કરી શકાશે નહી.
10. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે, જેમાં Result Section માં નામંજુર અરજીઓની યાદી (અરજી કરવાની છેલ્લી તારીખથી દિન-૧૦ માં), પ્રાથમિક મેરીટ યાદી (નામંજુર યાદી પ્રસિધ્ધ થયાથી દિન-૧૦ માં) અને પસંદગી (નિમણુક) યાદી (ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી) મુકવામાં આવશે.

## પરિશિષ્ટ-૦૧, આંગણવાડી કાર્યકર માટેનુ ગુણાંકપત્રક

| ક્રમ | શિક્ષણ | ટકાવારી/વિગત | મળવાપાત્ર ગુણ | મહતમ ગુણ |
|---|---|---|---|---|
| ૦૧ | ધોરણ-૧૦ | પાસ | ૦૫ | મહતમ-૧૦ |
| | | ૫૦.૦૦ % થી ૫૪.૯૯ | ૦૬ | |
| | | ૫૫.૦૦ % થી ૫૯.૯૯ | ૦૭ | |
| | | ૬૦.૦૦ % થી ૬૪.૯૯ | ૦૮ | |
| | | ૬૫.૦૦ % થી ૬૯.૯૯ | ૦૯ | |
| | | ૭૦.૦૦ % થી વધુ | ૧૦ | |
| ૦૨ | ઉચ્ચતર માધ્યમિક | ધોરણ-૧૨ | ૦૨ | મહતમ-૧૦ |
| ૦૩ | કોલેજ | સ્નાતક | ૦૨ | |
| | | અનુ સ્નાતક | ૦૨ | |
| | | બી.એડ | ૦૨ | |
| | | એમ.એડ | ૦૨ | |
| ૦૪ | અન્ય ડિપ્લોમા/ સર્ટીફીકેટ કોર્સ | પ્રિ-પી.ટી.સી. | ૦૧ | મહતમ-૦૫ |
| | | પી.ટી.સી./સી.પી.એડ | ૦૧ | |
| | | સી.સી.સી.ડી./સી.એફ.એન. | ૦૧ | |
| | | સર્ટીફીકેટ કોર્સ | ૦૧ | |
| | | ડિપ્લોમા કોર્સ | ૦૧ | |
| **મહતમ મળવા પાત્ર કુલ ગુણ** | | | | **૨૫** |

## પરિશિષ્ટ-૦૨, આંગણવાડી તેડાગર માટેનુ ગુણાંકપત્રક

| ક્રમ | શિક્ષણ | ટકાવારી/વિગત | મળવાપાત્ર ગુણ | મહતમ ગુણ |
|---|---|---|---|---|
| ૦૧ | પ્રાથમિક | ધોરણ-૦૭ | ૦૫ | મહતમ-૦૫ |
| ૦૨ | માધ્યમિક | ધોરણ-૦૮ | ૦૧ | મહતમ-૦૫ |
| | | ધોરણ-૦૯ | ૦૧ | |
| | | ધોરણ-૧૦ | ૦૧ | |
| ૦૩ | ઉચ્ચતર માધ્યમિક | ધોરણ-૧૧ | ૦૧ | |
| | | ધોરણ-૧૨ | ૦૧ | |
| ૦૪ | અન્ય ડિપ્લોમા/ સર્ટીફીકેટ કોર્સ | પ્રિ-પી.ટી.સી. | ૦૧ | મહતમ-૦૫ |
| | | પી.ટી.સી./સી.પી.એડ | ૦૧ | |
| | | સી.સી.સી.ડી./સી.એફ.એન. | ૦૧ | |
| | | સર્ટીફીકેટ કોર્સ | ૦૧ | |
| | | ડિપ્લોમા કોર્સ | ૦૧ | |
| ૦૫ | કોલેજ | સ્નાતક | ૦૨ | |
| **મહતમ મળવા પાત્ર કુલ ગુણ** | | | | **૧૫** |

**તા:૦૧/૦૧/૨૦૧૯**
**સ્થળ: વડોદરા**

**અધ્યક્ષ અને**
**આરોગ્ય અમલદાર**
**વડોદરા મહાનગરપાલિકા**